## પ્રશ્ન નં. ૪ (૧)

રા.મ.ન.પા./હેલ્થ/જા.નં.૪૪૭૯ — તારીખ :૧૬ /૦૧/૨૦૨૬

**<u>વિષય :</u>** તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મળનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

<u>સભ્યશ્રીનું નામ</u> : કોર્પોરેટરશ્રી વિનુભાઇ સોરઠીયા — વોર્ડ નં. : ૧૧

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૪ | ૧ | રાજકોટ મહાનગરપાલિકાને રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્યલક્ષી કામગીરી માટે છેલ્લા ૨ વર્ષમાં કેટલી ગ્રાન્ટ મળેલ છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવેલ છે? વિગતવાર માહિતી આપવી. | રાજકોટ મહાનગરપાલિકાને રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્યલક્ષી કામગીરી માટે છેલ્લા ૨ વર્ષમાં કેટલી ગ્રાન્ટ મળેલ છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવેલ છે તેની વિગતવાર માહિતી પત્રક-૦૧ થી સામેલ છે. |

શાખા : આરોગ્ય શાખા

શાખાધિકારીની સહી :

શાખાધિકારીનું નામ : ડો. જયેશકુમાર એલ. વકાણી

હોદ્દો : મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ

## પ્રશ્ન નં. ૪ (૧)

## પત્રક-૦૧

### (૧) હેલ્થ ગ્રાન્ટ

સરકારશ્રી દ્વારા આરોગ્ય શાખા હેઠળ અલાયદા અર્બન હેલ્થ સેલની રચન કરવામાં આવેલ છે. આ માટે સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂ. ૧૧,૬૬,૧૦,૦૦૦/- તથા વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ. ૧૦,૫૧,૦૦,૦૦૦/- ની ગ્રાંટ ફાળવણી કરવામાં આવેલ છે. સરકારશ્રીમાંથી ફાળવવામાં આવતી ગ્રાંટમાંથી પગાર ભથ્થા, ઈન્સેન્ટીવ તેમજ અન્ય આનુષંગિક ખર્ચ જેવાકે નોન સ્લમ આશા ઈન્સેન્ટીવ, આરોગ્ય કેંદ્ર વીજળી ખર્ચ, આરોગ્ય ટેલિફોન ખર્ચ, અર્બન આઉટસોર્સ સ્ટાફ ખર્ચ, બાયો મેડિકલ વેસ્ટ ખર્ચ જેવા ખર્ચ કરવામાં આવે છે.

### (૨) દિન દયાળ ક્લિનિક ગ્રાન્ટ

સરકારશ્રી દ્વારા દીન દયાળ ઔષધાલય કાર્યરત કરવામાં માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨,૮૬,૬૦,૦૦૦/- તથા વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૬૯,૦૦,૦૦૦/-ની ગ્રાંટ ફાળવણી કરવામાં આવેલ છે. આ ગ્રાંટનો ઉપયોગ દીન દયાળ ઔષધાલયમાં કાર્યરત મેડિકલ ઓફીસરના પગાર ભથ્થા તથા દીન દયાળ ઔષધાલય ભાડે રાખેલ હોય, તેના મકાન માલિકોને ભાડું ચૂકવવા માટે કરવામાં આવે છે.

### (૩) આશા ફેસિલિટેટર ગ્રાન્ટ

સરકારશ્રી દ્વારા આશા તથા આશા ફેસિલિટેટરને ૫૦% ટોપ અપ તેમજ દર માસે રૂ. ૨૫૦૦/- ફિક્સ ઈન્સેન્ટીવ તરીકે ચૂકવણૂં કરવા વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૧,૩૫,૦૦,૦૦૦/- તથા વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૨,૬૮,૦૦,૦૦૦/-ની ગ્રાંટ ફાળવણી કરવામાં આવેલ છે.

### (૪) CMTC ગ્રાન્ટ

વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨૫,૦૦,૦૦૦/-ની ગ્રાંટ ફાળવવામાં આવેલ. આ ગ્રાંટમાંથી ચાઈલ્ડ માલન્યુટ્રીશન ટ્રીટમેન્ટ સેન્ટરની ગાઈડલાઈન મુજબ કુપોષિત બાળકોને પોષણયુક્ત ખોરાકના ખર્ચ, CMTC અંતર્ગત ફરજ બજાવતા કરારબદ્ધ કર્મચારીઓ જેવાકે, ન્યુટ્રીશનીસ્ટ, કુક કમ કેર ટેકર, આયાબેન/ક્લિનરનું ફિક્સ વેતન તથા અન્ય પરચુરણ ખર્ચ કરવામાં આવે છે.

### (૫) મેલેરિયા ગ્રાન્ટ

રાજકોટ મહાનગરપાલિકાને શહેરી મેલેરિયા યોજનાને છેલ્લા ૨ વર્ષ (૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬) માં કેન્દ્ર સરકારશ્રી તરફથી કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી તથા રાજય સરકારશ્રી તરફથી રૂા.૧,૭૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ સિતેર લાખ પુરા) ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે આ ગ્રાન્ટનો વપરાશ વાહકજન્ય રોગ નિયંત્રણના સ્ત્રોતો ઉભા કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

રા.મ.ન.પા./ફા.ઇ.સ./જા.નં.૩૩૨૨ તારીખ :- ૨૩/૦૨/૨૦૨૬

વિષય :- તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મળનાર જનરલ બોર્ડમા સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામ :- વિનુભાઇ ટી. સોરઠીયા વોર્ડ નં. ૧૧

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૪ | ૨ | ➢ રાજકોટ મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ વિભાગ પાસે કુલ કેટલા અને કઇ પ્રકારના સાધનો / વાહનો ઉપલબ્ધ છે ?<br><br>➢ આ તમામ સાધનો/વાહનો કઇ પ્રકારની આકસ્મિક સ્થિતીમા ઉપયોગ કરવામા આવે છે. | ➢ રાજકોટ મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ વિભાગ પાસે કુલ ૬૫ વાહનો છે. જેમા ફાયર ટેન્ડર – ૧૧, વોટર બાઉઝર – ૧૦, ફોમ ટેન્ડર – ૨, હાઇડ્રોલિક પ્લેટફોર્મ – ૨, મીની ફાયર ફાયટર – ૭, મીની ફાયટર બોલેરો – ૩, એમ્બ્યુલન્સ – ૧૪, ફાયર બુલેટ – ૩, શબવાહિની – ૧૩ ઉપલબ્ધ છે.<br><br>➢ કોઇ પણ જગ્યાએ આગ લાગે તો આગ બુજાવવા માટે ફાયર ટેન્ડર, વોટર બાઉઝર અને મીની ફાયર ફાયટરનો ઉપયોગ કરવામા આવે છે.<br>કોઇ પેટ્રોલિયમ પ્રોડકટ અથવા પ્લાસ્ટિક મટીરીયલમા આગ લાગે તો આગ બુજાવવા માટે ફોમ ટેન્ડરનો ઉપયોગ કરવામા આવે છે.<br>કોઇ હાઇરાઇઝ બિલ્ડીંગમા આગ લાગે તો ત્યારે આગ બુજાવવા માટે હાઇડ્રોલિક પ્લેટફોર્મનો ઉપયોગ કરવામા આવે છે.<br>કોઇપણ વી.આઇ.પી.કોન્વે બંદોબસ્ત માટે મીની ફાયટર બોલેરો તેમજ ફાયર બુલેટનો ઉપયોગ કરવામા આવે છે.<br>દર્દીને ઘરે થી હોસ્પિટલ અને હોસ્પિટલ થી ઘરે લેવા મુકવા માટે એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવામા આવે છે.<br>અવસાન પામેલ વ્યક્તિને હોસ્પિટલ થી ઘરે અને ઘરે થી સ્મશાન મુકવા માટે શબવાહિનીનો ઉપયોગ કરવામા આવે છે. |

શાખા :- ફાયર & ઇમરજન્સી સર્વિસીઝ

શાખાધિકારીની સહી :- [signature]

શાખાધિકારીનું નામ :- અમિત કે. દવે

હોદ્દો :- ઇ.ચા.ચીફ ફાયર ઓફિસર